# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

આંખ સામે આયખાનું રણ હતું,
થોર જેવું આપણું સગપણ હતું.

પાનખર માફક ખર્યા સંબંધ સૌ
એ પછી દિલનું સુનું આંગણ હતું.

હાથ એ છૂટી ગયો આગળ જતાં,
આંગળીને જેમનું વળગણ હતું.

દર્દ લઈને એટલે જીવી ગયા,
દર્દ આખર દર્દનું મારણ હતું.

નીતા...'રૂહ'

## પાથેય

- રમેશ ઠક્કર

# સંબંધોની પેટર્ન..

સંબંધના તાર સિવાય બાકી બધું નિરાધાર છે...માનવ સંબંધોની એક મજા છે;એ નથી તો જીવન ચોક્કસ એક સજા છે..કોઇકનો નિર્વ્યાજ પ્રેમ પ્રાપ્ત થાય એ ઇશ્વરના સાક્ષાત્કાર કરતાં જરા પણ કમ નથી..ગોઠવાયેલા સંબંધો એ ફ્લાવરવાઝ ના ફુલો જેવા છે..એ ડ્રોઇંગરૂમના ડેકોરેશન જેવા હોઇ શકે..સાચા સંબંધ વગડાઉ ફુલો જેવા હોય છે..જે સહજતાની ધરતી ઉપર પનપે છે..દેહ ની માફક સંબંધોમાં પણ સ્થુળતા આવી જાય છે..ત્યારે એમાં અણગમાનું અદોદળાપણું અનુભવાય છે.. એને આત્મીયતાની એક્સરસાઇઝથી ફીટ રાખવા પડે છે..સંબંધો એ ઝાકળ જેવા હોય છે એવું તમે ઉચ્ચ પદો કે સફળતા પછીના બદલાતા સમયમાં અનુભવી શકો..નિષ્ફળતાનો ઓછાયો જયાં દેખાય ત્યાં જ મોટાભાગના સંબંધોનું બાષ્પીભવન થઇ જાય છે..ચંદ્રકાંત બક્ષી ના શબ્દો માં કહીએ તો 'જે હસી ને મળતા હતા એ, હવે મળીને હસે છે.." પણ એવું કહેવાય છે કે આ બધા પછી જે ટકે છે એ સંબંધ નું સાચું સ્વરૂપ હોય છે..એનો અર્થ એ થાય કે જયાં સુધી જીવનની તડકીછાંયડીનો અનુભવ ના થાય સંબંધોની માયાજાળ સમજવી મુશ્કેલ હોય છે..જે માણસ સંબંધને અકબંધ રાખી શકે છે એને બાકી કોઇ પ્રબંધની જરૂર પડતી નથી...માનવ સંબંધો મીણ જેવા મુલાયમ હોય છે. એને ઓગળી જતાં વાર નથી લાગતી...એને ઉષ્માસભર હુંફાળું આવરણ અકબંધ રાખી શકે છે...એની આવી નાજુકતા ને જોઇને જ ઉમાશંકર જોશીએ લખ્યું હશે કે..'માનવીના હૈયાને નંદવાતાં વાર શી? 'સંબંધની એક આગવી સુવાસ હોય છે...નીતરેલા નીર જેવા સંબંધોની તાજગી અનુપમ હોય છે. એમાં કોઇ વમળ આવી જાય તો કેવું લાગે ?સુરેશ દલાલ ના શબ્દોમાં 'જે સંબંધમાંથી ઉકળેલા પાણીનો સ્વાદ આવવા લાગે એમાં મજા નથી હોતી.. " સંબંધોમાં હંમેશાં ઉમેરણ હોય છે..આપણે એમાં ઉપરામણ શોધીએ છીએ...અને એટલે જ એ બટકી જાય છે...એ તુટી જાય તો એનું કોઇ રેણ નથી...વર્ષો સુધી એકધારા અકબંધ રહેતા રિલેશન પણ એક અજાયબી જેવા હોય છે...સંબંધ એટલે જતું કરવાની કળા...રિલેશન એટલે સેલ્ફ પ્રમોશન નહીં પણ નિર્દોષ ઇમોશન...અન્ય માટેની ઉદારતા એ સંબંધો ના વિકાસની પુર્વભુમિકા છે...સંબંધોની અનેક પેટર્ન છે...ડિઝાઇન છે..લે આઉટ છે..પણ એનો આત્મા એ કેવળ વિશ્વાસ હોય છે.. મારી ગઝલનો શેર છે..

"આપણો સંબંધ જાણે ખેતરે..
ભીંજવાયેલા સમાંતર ચાસ છે"

# શતાબ્દી વંદનાને સાર્થક બનાવીએ

તંત્રીસ્થાનેથી...

આપણે 'માણસ' છીએ એની સાબિતી છે આપણી શતાબ્દી વંદનાઓ. પ્રાણીજગતમાં પણ પ્રિય સાથીની સ્મૃતિ તો રહેતી હશે પણ પૂર્વજોની વહી વાંચવાની એને આવડત નથી વિકસી. એટલે વનરાજ સિંહ, ગજરાજ કે શ્વાન અને પોપટ કે મોર એના પ્રતાપી પૂર્વજોને યાદ કરતા નથી. આપણને ફક્ત આપણી પેઢી જ નહીં, પૂર્વ પઢીઓ અને આવનારી પેઢીઓ પ્રત્યે સદ્ભાવ તથા અનુરાગ રહેતો હોય છે.

એટલે દેશ રાષ્ટ્રીય નેતાઓની શતાબ્દી ઊજવે છે, જેમ કે આપણો દેશ પંડિત નહેરુની ભવ્ય શતાબ્દી ઊજવી ચૂક્ય છે. ગાંધીજીનાં અને વિવેકાનંદ કે ટાગોરનાં સવાસો - દોઢસો ઊજવતાં રહે છે. ઘર દીવડા કેમ ભુલાય ? આપણે આપણા મહાન સર્જકો અને સમાજસેવકો જેવા કે મેઘાણી, ઉમાશંકર અને મડિયાને યાદ કરીએ છીએ એમ જ ઈંદુલાલ યાજ્ઞિકથી લઈ મોતીભાઈ ચૌધરીને પણ સંભારીએ છીએ. હમણાં જ મડિયાની વાર્તાઓના વાચિકમ્નો મંત્રમુગ્ધ કરી દે એવો કાર્યક્રમ ગુજરાત સાહિત્ય અકાદમીની નિશ્રામાં યોજાઈ ગયો. મડિયાની વાર્તાઓ ગુજરાતીની જ નહીં. અખિલ ભારતીય સાહિત્યની યાદગાર વાર્તાઓ છે પરંતુ આપણા વિવેચકો અમુક-તમુક નામોથી અંજાઈને એમની જ આરતી ઉતારવામાંથી ઊંચા નથી આવતા એથી ખરું સત્ત્વ હાંસિયે ધકેલાઈ જાય છે. મને બે એવા વાર્તાકારોને ગુજરાતી ભાષાના સૌથી મોટા વાર્તાકાર ગણવાનું મન થાય છે કે જે અધ્યાપનક્ષેત્રે નહોતા કે ભાષામાં સ્નાતક અનુસ્નાતક નહોતા. કચ્છના ડૉ. જયંત ખત્રી અને ધોરાજીના ચુનીલાલ મડિયા આપણી ગિરા ગુર્જરીના એવા માતબર વાર્તાકારો છે જે વિશ્વકક્ષાના વાર્તાકારો સાથે પાટલો માંડી શકે એમ છે. આવા સર્જકો કાલજયી રચનાઓ તો આપી જતા હોય છે - પરંતુ યુનિવર્સિટીઓ એમને નેપથ્યમાં ખસેડતી રહે છે.

જો કે કચ્છ એના સર્જકને અઢળક લાડ લડાવતું રહ્યું છે, અને મોડે મોડે ખત્રીને એણે ઊજવવામાં પણ કોઈ કચાશ નથી રાખી. સામાન્ય રીતે સર્જકને એનો શબ્દ જ જિવાડતો હોય છે પરંતુ જો એ અધ્યાપન ક્ષેત્રે રહેલો હોય તો એનો શિષ્યગણ એને મદદરુપ બને છે. પરિવારમાં કદરદાન વારસદાર હોય તો પણ એને લાભ થાય છે. આ બે પૈકી કોઈ ન હોય તો એને ફક્ત એનો કદરદાન પ્રકાશક જ જિવાડી શકે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય ધૂમકેતુ, ગુણવંતરાય, મુનશી જેવા સર્જકોને પુનર્મુદ્રિત કરતું ન રહ્યું હોય તો એ ધીરે ધીરે નવી પેઢીને અજાણ્યા બની ગયા હોત. ર.વ. દેસાઈ કે વિઠ્ઠલ પંડ્યાને આર.આર. શેઠ પુનમુદ્રિત કરે છે. એમાં એની ગુણવત્તા ઉપરાંત અધ્યાપનક્ષેત્રે એની અનિવાર્યતા કારણભૂત છે. મેઘાણીને તો પરિવાર જ એવો સાંપડ્યો કે એ અમર થઈ ગયા છે. સમાજસેવકોને એમના ચાહકો જિવાડે છે. સનત મહેતા ઈંદુલાલ યાજ્ઞિકની આત્મકથા પુનઃપ્રકાશિત કરાવે છે. મોતીભાઈ ચૌધરીનું કદ કદાચ મોટા ગજાના નેતાનું ન પણ ગણાતું હોય, પરંતુ એમની માનસકન્યા જેવી 'ગ્રામભારતી' એમની શતાબ્દી ઊજવી રહી છે. ગ્રામભારતીના સંચાલક રઘુવીર ચૌધરી છે અને માધવ રામાનુજ એના ટ્રસ્ટી છે. ભવાઈવેશના આદિપુરુષને ઊંઝાના વતની વિનાયક રાવલે જીવતા કર્યા એમ કહેવામાં લેશ માત્ર અતિશયોક્તિ નથી. ઘણી ઉત્તમ વિભૂતિઓ ભુલાઈ ગઈ છે અને અને હજી ભૂલાતી રહેશે. જીવરાજ મહેતા જેવા સ્વચ્છ અને સંપૂર્ણ નેતા દીવો લઈને શોધતા જઈએ તો પણ ન મળે. ઢેભરભાઈ, રતુભાઈ કે જશવંત મહેતા ભુલાઈ ચૂક્યા છે. આ એક નેચરલ પ્રક્રિયા છે. એમાં પ્રજાનો વાંક નથી. પ્રજા તો બિચારી બે સાંધા ભેગા કરવામાં જ જિંદગીની ઈતિશ્રી માને છે. પરંતુ દરેક યુગમાં સમજદાર, સમૃદ્ધ અને મહાજન તત્ત્વો પણ હોય છે. આવા બૌદ્ધિકોએ જરૂર આવી વિસરાયેલી વિરાસતને યાદ કરીને આગામી પેઢીઓ સમક્ષ રજૂ કરવી જોઈએ.

# ટૂથ બ્રશીંગ : મોઢાનાં સ્વાસ્થ્યનું સૌપ્રથમ સોપાન




તો મિત્રો ગયા અંકમાં આપણે ટૂથબ્રશીંગના વિવિદ પ્રકાર અને પદ્ધતિ અંગે માહિતી મેળવી.



આજે આપણે ખોટી પદ્ધતિથી બ્રશીંગ કરવાનાં નુકશાન વિશે આગળ જાણીએ.

બ્રશને દાંત ને ૪૫° ના ખૂણા પર રાખીને ધીમે ધીમે સર્ક્યુલર મોશનમાં કરવું જોઈએ. આની સાથે દાંતની અંદરની સપાટી પર પણ ખાસ સફાઈ કરવી જોઈએ. દરેક ખૂણામાં બ્રશથી સફાઈ કરવી અનિવાર્ય છે.

● ખોટી બ્રશીંગ પદ્ધતિ

બ્રશ કરવાની સૌથી સામાન્ય ભૂલભરેલી પદ્ધતિ એ દાંત પર બ્રશને આંડુ ઘસવું તે છે.ત્યારે દાંત પર બ્રશને આડું ઘસવામાં આવે છે, ત્યારે દાંતના સર્વાઈકલ અબ્રેઓશન (દાંતનો ઘસારો) જોવા મળે છે. આ પરિસ્થિતિમાં દાંત અને મૂળિયાના જંક્શનમાં ખાડો પડી જાય છે. તેમાંથી વ્યક્તિને કળતરની સમસ્યા વિકસી શકે છે.

આ સિવાય ઘણી વ્યક્તિઓ દાંત પર ખૂબ જોર જોરથી બ્રશ ઘસતા હોય છે. આવી પરિસ્થિતિમાં દાંતનું ઉપરનું પડ (ઈનેમલ) માં ઘસારો થવાની સમસ્યા સર્જાઈ શકે છે. તેથી કરીને પણ દાંતની સેન્સિટીવીટી થઈ શકે છે.

ટૂથ બ્રશીંગ વિશેની માન્યતાઓ / ગેરમાન્યતાઓ

(૧) ટૂથ બ્રશીંગ માટે હાર્ડ ટૂથબ્રશ વાપરવું.

આ હકીકતમાં એક ગેરમાન્યતા છે, હાર્ડ ટૂથબ્રશથી જ દાંત સ્વચ્છ થાય તે જરૂરી નથી.

(૨) વધુ પડતી ટૂથપેસ્ટ વાપરવી.

હકીકતમાં ટૂથપેસ્ટ વધારે માત્રામાં નહીં, પરંતુ વાલના ઘણી જેટલી જ માત્રામાં વાપરવી જોઈએ. બાળકોમાં તો ટૂથપેસ્ટનું પ્રમાણ તેનાથી પણ ઓછું હોય તે જરૂરી છે.

(૩) તમારે તમારા દરેક ભોજન બાદ બ્રશ કરવું જોઈએ.

આ પણ એક ગેરમાન્યતા છે. હા, નિયમિત રીતે બે સમય બ્રશ કરવું જોઈએ. પરંતુ આપણું મોઢું સેલ્ફ ક્લીનીંગ માટે જવાબદાર છે. આપણી મોઢાની લાળ એ પણ દાંત ઉપરના એસીડીક પડને કાઢી શકે છે. વધુ પડતા બ્રશીંગથી પણ દાંતના ઈનેમલના પડને નુકશાન પહોંચી શકે છે.

(૪) તો આનાથી ઊલટું આજે પણ ઘણા વડીલો ટૂથબ્રશીંગ ને સદંતર અવગણીને હજુ પણ દાંતણ જ વાપરવા કે ફક્ત કોગળા કરીને જ મોઢાની સફાઈ કરતા હોય છે.

આ પણ ખોટું છે. ફક્ત કોગળા કરવાથી દાંત પર જામી ગયેલો કચરો સાફ થતો નથી, જે આગળ જતા છારીમાં પરિણમે છે. જે આગળ જતાં પેઢાનાં રોગો અને દાંત પડી જવાની સમસ્યા નોંતરી શકે છે.

અને દાંતણમાં ઔષધીય ગુણો હોય છે, તે વાત સાચી છે; પરંતુ તે પણ જામેલી છારીને દૂર કરવામાં અસમર્થ હોય છે. તેથી જ નિયમિત રીતે બ્રશીંગ અનિવાર્ય છે.

તો મિત્રો ટૂથબ્રશીંગ એ દાંતની સફાઈની સૌથી મૂળભૂત જરૂરિયાત છે. જે ફક્ત પૂરી કરવા માટે નહીં પરંતુ ખૂબ જ ચોકસાઈપૂર્વક કરવું જોઈએ. આની સાથે સાથે વર્ષે એકવાર ડેન્ટિસ્ટની મુલાકાત અવશ્ય લેવી જોઈએ.

# ઝવેરચંદ મેઘાણી : અઢળક પુંજીના દાતા




મેઘાણીની સવાશતાબ્દિ નિમિત્તે ભુજની ઐતિહાસિક મહારાજાશ્રી વિજયરાજજી લાઈબ્રેરી તેમજ ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર રાજકોટ તરફથી એક સુંદર પ્રસંગનું આયોજન થયું. કવિ શ્રી ઝવેરચંદ મેઘાણી તેમજ કવિ શ્રી દુલેરાય કારાણી વિશેના આ પરિસંવાદમાં બંને સર્જકો વિશે માણવી ગમે તેવી વાતો થઈ. આ બંને સર્જકો છે જ એવા કે તેમનો કોઈ પરિચય કચ્છ-સૌરાષ્ટ્ર કે ગુજરાતમાં આપવાની જરૂર હોય નહિ. કવિ શ્રી કારાણીને અનેક લોકો કચ્છના મેઘાણી તરીકે ઓળખાવે છે. તે પણ ઉચિત છે. કચ્છ તેમજ સૌરાષ્ટ્રના સાહિત્યના સંવર્ધનમાં આ બંને મર્મીઓનો મહત્વનો ફાળો છે. કચ્છમાં હોઈએ ત્યારે લોકસાહિત્ય-ચારણી સાહિત્યના સંદર્ભમાં કવિ શ્રી શંભુદાનજી અયાચીનું પણ સ્વાભાવિક રીતે જ સ્મરણ થાય છે. કેટકેટલા સર્જકો કચ્છની ભૂમિએ જગતને આપ્યા છે તેનો વિચાર કરતા અહોભાવ અનુભવી શકાય છે. રામસિંહજી રાઠોડના તેમજ જયંત ખત્રીના સ્મરણ સાથે જ આ ધરતી બહુરત્ના વસુંધરા છે તેની પ્રતીતિ અંતરથી થાય છે. આજે પણ સર્જકો-મર્મીઓનો આ દોર અખંડ રીતે ચાલી રહ્યો છે તેનો પણ આનંદ છે.

આપણે ત્યાં સાહિત્ય પરંપરાની બે સમાંતર ધારાઓ લાંબા સમય સુધી ચાલી તથા આજે પણ ચાલતી રહી છે. એક ધારા એ ગ્રંથસ્થ સાહિત્યની છે. આ પ્રવાહમાં અનેક ધન્યનામ કવિઓએ પોતાનું મૂલ્યવાન યોગદાન આપેલું છે. આ ધારાને કેટલાક લોકો શિષ્ટ સાહિત્ય તરીકે પણ ઓળખાવે છે. તેને સમાંતર કંઠસ્થ ધારા પણ નિરંતર ચાલી છે. લોકસાહિત્ય એ મહદંશે કંઠસ્થ સાહિત્ય છે. તેનો કોઈ કર્તા નથી. આથી તે સમાજની સાર્વત્રિક લોક લાગણીને વ્યક્ત કરવામાં અસરકારક માધ્યમ છે. આ સાહિત્યના કેન્દ્રમાં લોક છે. સામાન્ય જનોની અસામાન્ય વાતોનો લોકસાહિત્યમાં ભરપૂર ખજાનો છે. જગતને લોકની ઓળખ કરાવવામાં લોક સાહિત્યની ભૂમિકા મહત્વની છે. લોકના આ બહોળા સમુદાયની વાતો આપણાં સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય સર્જક ઝવેરચંદ મેઘાણીએ કર્યું છે. કવિ કાગે લખ્યું છે તેમ વિસ્મૃત થયેલા લોકોની વીરતા કે ઉદારતાની વાતોનો ખજાનો આપણાં સુધી મેઘાણી થકી પહોંચ્યો છે.

સૂતાં જઈ સ્મશાનમાં એની સોડયું તે તાણી
વધુ જીવાડ્યા વાણીયા
કંઈક મુરદા મેઘાણી.

ઝવેરચંદ મેઘાણી (૧૮૯૬ થી ૧૯૪૭)નું એક બહુમુખી વ્યક્તિત્વ હતું. મેઘાવી કહી શકાય તેવા આ સર્જક હતા. એક સાહિત્યકાર હોવા ઉપરાંત તેઓ સંશોધક, વિચારક તથા ઉત્તમ ગાયક પણ હતા. આમ જુઓ તો કલકત્તા ભાઈના ધંધામાં તેઓ મદદ કરવા માટે ૧૯૧૮માં ગયા. કલકત્તા જવાનું થતાં ભાવનગરમાં ચાલતો અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ છોડવો પડ્યો. કલકત્તામાં કવિવર ટાગોરના સાહિત્યનું આચમન લઈને તેઓ ૧૯૨૧માં ગુજરાતમાં પાછા આવ્યા. ૧૯૨૧થી ૧૯૪૭ સુધીના લગભગ અઢી દાયકાના ગાળામાં તેમણે ૧૦૦ જેટલાં પુસ્તકો લખ્યા. અઢી દાયકામાં કદાચ એક યુગનું કામ કરીને તેઓ ગયા. તેમની સાધના આકરી હતી. પગપાળા કે ઘોડા ઉપર બેસીને તેઓ ગામેગામ ફર્યા. પરિભ્રમણના આ અઢી દાયકાના સમયગાળા દરમિયાન તેમણે લોકસાહિત્યના ધૂળ ધોયાનું કામ કર્યું. અનેક ગામડાઓ તથા નેસડાઓ તેઓ ખૂંદી વળ્યાં. છિન્નભિન્ન પડેલા લોકસાહિત્યના મોતીઓને એકઠા કરીને માળામાં પરોવવાનું મુશ્કેલ કામ તેમણે કરી બતાવ્યું. રાણપુરથી અમૃતલાલ શેઠે શરુ કરેલી સૌરાષ્ટ્રના પત્રકારત્વની જ્યોત તેમણે વિશેષ જ્વલંત કરી. બુલંદ તથા ભાવવાહી કંઠે ગાતા મેઘાણીને સાંભળવા એ પણ એક લ્હાવો હતો. એ પહાડનું સંતાન હતા. પાંચાળ તરીકે જાણીતા પ્રદેશમાં ચોટીલા, મુકામે તેમનો જન્મ થયો હતો. આ ભૂમિ મર્દાનગીની હતી. લોકકવિઓએ આ ભૂમિને બિરદાવી છે.

કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ,
નર પરધર નીપજે ભો દેવકો
પાંચાળ.

તેમના પિતા અંગ્રેજોના રાજ્યમાં કાઠિયાવાડ એજન્સી પોલીસમાં ફોજદાર હતા. આથી તેમની બદલી એક પોલીસથાણામાંથી બીજા પોલીસથાણામાં થતી રહેતી હતી. તેમાંનાં કેટલાક થાણાં તો દૂર સુદૂર પ્રકૃતિની ગોદમાં રમતી હોય તેવી જગ્યાઓએ હતા.મેઘાણી આ રીતે પ્રકૃતિનું ધાવણ ધાવીને મોટા થયા હતા. વતન છોડીને કલકત્તા તો ગયા પરંતુ તેમનો જીવ તો સૌરાષ્ટ્રમાં જ હતો. ગોધુલીના પવિત્ર સમયની પ્રતીતિ આ સંવેદનશીલ સર્જકને કલકત્તામાં બેસીને પણ થયા કરે છે. સૌરાષ્ટ્રની રસધાર એ તેમની સુપ્રસિદ્ધ કથાઓનો મૂલ્યવાન ખજાનો છે. સૌરાષ્ટ્રની રસધારના પ્રથમ ભાગના પ્રગટ થયાને ૨૦૨૩માં ૧૦૦ વર્ષ પુરા થશે. સોરઠી બહારવટિયા ત્રણ ભાગ પણ ૧૯૩૦ પહેલા પ્રગટ થયા.

ઝવેરચંદ મેઘાણીએ લોકગીતોના સંગ્રહનું કાર્ય કર્યું. આ સમયે લોકગીતોની પરખનું તેમજ સંશોધનનું આ તેમનું મહત્વનું કાર્ય હતું. મેઘાણીના સંશોધન પછી જગતને સમજાયું કે લોકગીતો એ માત્ર જોડકણાં કે શુષ્ક શબ્દો નથી. આ તો વિશાળ જનમેદનીના હૈયામાં અવિરત વહેતાં ઝરણાં છે. બરડા પંથકના બગવદર ગામના ઢેલીબેનને મળ્યા પછી સર્જક તથા સંશોધક મેઘાણીનું વિશેષ ધ્યાન લોકગીતો તરફ ગયું. અમૃતલાલ શેઠ, દરબાર સાહેબ શ્રી વાજસૂર વાળા, કવિ શ્રી કાગ તેમજ રાજ્યકવિ પિંગળશીભાઈ નરેલાનો તેમનો સંસર્ગ વધતો ગયો, ગાઢ થતો ગયો.

રણજિતરામ વાવાભાઈ મહેતાની સ્મૃતિમાં દર વર્ષે રણજિતરામ સુવર્ણ ચંદ્રક આપવામાં આવે છે. ૧૯૨૮નો સૌ પ્રથમ સુવર્ણ ચંદ્રક ઝવેરચંદ મેઘાણીને આપવામાં આવ્યો. ૧૨મી માર્ચ-૧૯૩૦ના ઐતિહાસિક દિવસે મહાત્મા ગાંધીએ ૧૯ સત્યાગ્રહીઓ સાથે દાંડીકૂચનું પ્રયાણ કર્યું. દાંડીકૂચનાં અંતે છઠ્ઠી એપ્રિલ-૧૯૩૦ના દિવસે દરિયાકાંઠે ચપટી મીઠું ઉપાડીને મીઠા સત્યાગ્રહનો પ્રારંભ થયો. આ પ્રસંગ નિમિત્તે મેઘાણીએ રચેલા ૧૫ શૌર્યગીતોનો સંગ્રહ 'સિંધૂડો' પ્રસિદ્ધ થયો.

બીક કોની? બીક કોની?
બીક કોની માં તને?
ત્રીસ કોટી બાળકોની
ઓ કરાડી માં તને !

કેટલાક સર્જકો તથા તેમની કૃતિઓ કાળજયી હોય છે. કાળના આકરા પ્રવાહમાં પણ આવી કૃતિઓ લીલીછમ રહે છે. મેઘાણી આપણાં આવા એક કાળજયી સર્જક છે. શ્રાવણ માસમાં મેઘાણીનો જન્મ થયો હતો. આથી તેમની પવન સ્મૃતિને વંદન કરીએ.

# સામાન્ય જ્ઞાનનો અસામાન્ય આનંદ




જનરલ નોલેજ પણ ગજબ ચીજ છે..આપણે ગુજરાતીમાં એને સામાન્ય જ્ઞાન કહીએ છીએ...ખરેખર એ અસામાન્ય જ્ઞાન છે..એ આપણા કુતુહલને બહેલાવે છે..આપણા રોમાંચને ઢબુરે છે..આપણી કલ્પનાશક્તિને દોડાવે છે..આપણા વિસ્મયને વિસ્તારે છે..એના સીમાડાઓ અમાપ છે..એનું વિષય વૈવિધ્ય અપાર છે..જનરલ નોલેજ એ કોઇપણ વિષયના સાર જેવું હોય છે..મલાઇ જેવું હોય છે..માણસ કોઇ વિષયમાં નિષ્ણાત હોય એ જરૂરી છે પરંતુ એની સાથે જો વિવિધ વિષયોની પ્રાથમિક જાણકારી પણ ધરાવતો હોય તો એના વ્યકિતનો અલગ નીખાર ઉભરતો હોય છે.

જનરલ નોલેજની દુનિયા ગજબ છે..માણસને નવું નવું જાણવાની તાલાવેલી હોય છે..કેટલીક જાણકારી રોજિંદી જિંદગી માટે અનિવાર્ય હોય છે..એ થોડામાં ઘણું કહી જાય છે..આપણા ઈતિહાસ,ભૂગોળ, ખગોળ,સાહિત્ય,જાહેર જીવન એમ વિવિધ ક્ષેત્રોની રસપ્રદ વિગતો ટૂંકમાં જાણવાની મજા હોય છે..એમાંથી આશ્ચર્ય આનંદ અને રોમાંચ મળતો રહે છે... કેવું હોય છે સામાન્ય જ્ઞાન ? ઝડપથી એક નજર કરીએ..

- વંદો એ પૃથ્વી ઉપરનો સૌથી જુનો હયાત સજીવ છે.
- રીંછનો પ્રિય ખોરાક ઉધઈ છે.
- વ્હેલ માછલીનું વજન ૧૪૫ થી ૧૭૦ ટન જેટલું હોય છે.
- સાપુતારા એટલે જયાં સાપના ઉતારા હોય એવું સ્થળ
- લખપતથી ઉમરગામ સુધીનું ૭૭૬ કિ.મી.નું અંતર એ ગુજરાતના કોઇપણ બે સ્થળો વચ્ચેનું મહત્તમ અંતર છે
- ગુજરાતમાં પ્રથમ સૂર્યોદય ગરબાડા દાહોદમાં થાય છે.
- અરવલ્લી પર્વતમાળાનો છેડો થલતેજનો ટેકરો છે.
- બનાસ નદીનું પ્રાચીન નામ પર્ણાશા છે
- ગાયત્રી મંત્ર ઋગવેદના ત્રીજા ભાગમાં આવે છે
- આચાર્ય હેમચંદ્રાચાર્ય ધંધુકાના વતની હતા..જેણે ગુજરાતી ભાષાનું પ્રથમ વ્યાકરણ લખ્યું.
- ગુજરાતી ભાષાનો પ્રથમ કાવ્યસંગ્રહ એ"કાવ્યદોહન" એના કવિ દલપતરામ
- ગોવર્ધનરામ ત્રિપાઠીએ પણ "સ્નેહમુદ્રા" નામે કાવ્યસંગ્રહ આપેલો છે,આમછતાં એ જાણીતા છે સરસ્વતીચંદ્ર નવલકથાથી.
- ભારતમાં "વન મહોત્સવ " શરૂ કરનાર હતા ક.મા.મુનશી
- ત્રણેય ગોળમેજી પરિષદમાં ભાગ લેનાર એકમાત્ર રાજનેતા હતા બાબાસાહેબ આંબેડકર.
- ભારત પાકિસ્તાન ભાગલા પછી બંને દેશો વચ્ચે મિલકતોની વહેંચણીનું કામ જે ગુજરાતી મહાનુભાવને સોંપાયેલું એ હતા શ્રી એચ.એમ.પટેલ
- "જન ગણ મન.." એ કૃતિ તરીકે સૌ પ્રથમ "તત્વબોધિની" નામના સામયિકમાં પ્રગટ થયેલ.
- જિલ્લાઓમાં કલેકટર નીમવાની શરૂઆત કરનાર અંગ્રેજ હતો વોરન હેસ્ટિંગ્સ.
- સનદી સેવા એટલે કૈંઝજી (આજૈંછજી )શરૂ કરનાર હાકેમ હતો લોર્ડ કોર્નવોલિસ.

જુની ગુજરાતીનો યુગ એટલે ઈ.સ ૧૧૦૦થી ૧૪૦૦નો સમય

-મધ્યકાલીન ગુજરાતી એટલે ઈ.સ.૧૪૦૦થી ૧૮૦૦નો સમય..

- નર્મદ પછીનો સમય એટલે અર્વાચીન ગુજરાતી ભાષાનો સમય..

સામાન્ય જ્ઞાન આપણને અસામાન્ય આનંદ આપે છે...એ દરેક ક્ષેત્રનું હોઈ શકે..એમાં પારંગત થવું જરૂરી નથી...એના થકી જે તે વિષયની એક રોમાંચક ઝાંખી કરી શકાય છે..એ આપણી કલ્પનાશક્તિને સતેજ કરી જાય છે..એ જગત વિશે હોઈ શકે..દેશ કે પ્રદેશનું હોઈ શકે..આપણે જે રાજ્યમાં જીવીએ છીએ એ ગુજરાત મુળ "ગૂર્જરાત" નામનો પ્રદેશ હતો..એની સામાન્ય જાણકારી પણ કેવી અદ્ભુત છે..!

આપણે ગુજરાત વિશે કેટલું ઓછું જાણીએ છીએ..? આપણી ભાષા, આપણી પરંપરા કે, આપણા મહાપુરુષો અંગે આપણી પાસે કોઇ જાણકારી છે ? ઈ.સ.૬૪૦ માં ચીની યાત્રી હયુ એન સંગ જે પ્રદેશમાં આવ્યો હતો...એ નગર રૂપનગર એટલે કે વડનગર.. એ જમાનામાં એ વિસ્તાર આનર્ત પ્રદેશ તરીકે સુખ્યાત હતો..પ્રસિધ્ધ યાત્રી ટોલેમીએ એના યાત્રાવર્ણનમાં મહીસાગર નદીનું રૈંરૈજ નામથી મહિમાગાન કરેલું છે..પાટણના કવિ "ભાલણ" જેમનું મુળ નામ પુરૂષોત્તમ ત્રિવેદી હતું..એ મધ્યકાળના મોટા કવિ છે.એમણે સૌપ્રથમ "ગૂર્જર ભાષા" એવો શબ્દપ્રયોગ કર્યો હતો...પછી થયું ગૂર્જરાત..ક્રમશઃ૧૪મી સદીથી 'ગુજરાત ' નામ ચલણી બન્યું..

આપણી ભાષા સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ-જૂની ગુજરાતી-પશ્ચિમી રાજસ્થાની અને ગુજરાતી એમ ક્રમિક અવતરી છે. એનો ઉદભવ રોમાંચક અને ગૌરવશાળી છે.. ઈ.સ.૧૧૦૦ થી ઈ.સ.૧૪૦૦ એ જૂની ગુજરાતીનો યુગ ગણાય છે..નરસિંહ મહેતા એ ગુજરાતી ભાષાને ઠરીઠામ કરી..આપણે એમને માત્ર ભકત તરીકે જ જાણીએ છીએ. પણ એમણે પ્રાકૃત અને વ્રજભાષાનો ગહન અભ્યાસ કર્યો હતો..ઈ.સ.૧૪૦૦ થી ઈ સ ૧૮૦૦ એ મધ્યકાલીન ગુજરાતી જેના છેલ્લા કવિ દયારામ હતા...જે ૧૨ જેટલી ભાષાઓ જાણતા હતા..એમણે ગરબી નામે પદ રચનાઓ આપી..એ પછી ભાષા માટે મરી ફીટનાર કવિ એટલે પ્રેમાનંદ. જેણે આખ્યાનો થકી ગુજરાતીને ઘાટ આપ્યો.

નર્મદ એ આધુનિક ગુજરાતી ભાષાનો ઘડવૈયો છે..જેણે ગુજરાતી ભાષાનો સૌ પ્રથમ કોશ આપ્યો..પ્રથમ આત્મકથા આપી..જેનું નામ "મારી હકીકત " નર્મદ વિશ્વ સાહિત્યનો ગજબ જાણકાર હતો..એ પ્રથમ નિબંધકાર પણ છે.. ગુજરાતી ભાષાની પ્રથમ વાર્તા "ગોવાલણી" જેના લેખક 'મલયાનિલ'.પ્રથમ નવલકથા નંદશંકર તુળજાશંકર મહેતાની "કરણઘેલો" પરંતુ પ્રથમ કાવ્યસંગ્રહ આપ્યો કવિ દલપતરામે જેનું નામ છે "કાવ્યદોહન"..

ગુજરાતમાં જન્મેલા ગણિતજ્ઞ બ્રહમગુપ્ત એ શૂન્યના શોધક છે એ ઘણા ઓછાને ખબર હશે..ગુજરાતના પ્રથમ ઈતિહાસકાર મગનલાલ વખતચંદ શેઠ છે..ફોર્બ્સ દ્વારા સ્થપાયેલી ",ગુજરાત વિધ્યાસભા "ના પ્રથમ ૧૯ સભ્યો પૈકીનાં એ એકમાત્ર ગુજરાતી હતા..સાહસ એ ગુજરાતીઓ માટે સહજ છે..ઈ.સ.૭૫માં ગુજરાતી લોકો વેપારવણજ માટે જાવા ઉપર પહોંચ્યા હતા..સૌરાષ્ટ્રમાંથી ચારસો પાંચસો વરસ પહેલાં દરિયાઈ માર્ગે આફ્રિકા ખંડમાં જનારા ગુજરાતી પરિવારોની સાહસકથાઓ રોમાંચક છે..વાસ્કો ડી ગામાને પોર્ટુગલથી હિન્દ સુધીનો જળમાર્ગ બતાવનાર કાનજી માલમ કચ્છી દરિયાખેડૂ હતો...નાનજી કાલિદાસ મહેતા જેવા સાહસિકો દંતકથાથી કમ નથી..

સ્વામી વિવેકાનંદના માર્ગદર્શક વીરચંદ રાઘવજી ગાંધી એ મહુવાના જૈન હતા..નડિયાદના સાક્ષર મણિલાલ નભુભાઇ દ્વિવેદી હિન્દુ ફિલોસોફીના માસ્ટર હતા જેમને મળવા માટે સ્વામી વિવેકાનંદ નડિયાદ આવેલા..સૌ પ્રથમ ગઝલ લખનાર મણિલાલ ઉપરાંત બાલાશંકર કંથારીયા હતા. "ગુજારે જે શીરે તારે જગતનો નાથ તે સહેજે..ગણ્યું જે પ્યારૂં પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.." ગુજરાતી એક ભવ્ય જાતી છે..ચંદ્રકાંત બક્ષીએ "મહાજાતી ગુજરાતી"માં એના વિશે અદ્ભુત લખ્યું છે..

અનુસંધાન પાના નં. ૭ પર